ગાંધીનગર સમાચાર

આજથી હ્યુમન ફાઉન્ડેશન દ્વારા વિના મુલ્યે પક્ષીઓ માટે કુંડાનું વિતરણ

# શહેરીજનો હોળીના રંગે રંગાયા

ગાંધીનગર, તા. ૨૫

આનંદ-ઉલ્લાસ અને નયન રમ્ય રંગોનો પર્વ એટલે હોળી-ધૂળેટી.

મનમોહક રંગો લઈ આનંદ અને ઉલ્લાસ સાથે મિત્રતા અને સંબંધોને સ્નેહપૂર્વક વધાવવા શહેરીજનોએ મોટી સંખ્યામાં માર્ગો અને બાગ બગીચામાં આવી મોજ મસ્તી સાથે હોળી ધૂળેટીની મજા માણી હતી. શહેરના સૌથી મોટા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનમાં વહેલી સવારથી જ યુવાનો-યુવતીઓ અને બાળકો પોતપોતાના મિત્રો સાથે ટોળકી બનાવી એકબીજા પર રંગો ઉડાડી હોળી-ધૂળેટીની શુભેચ્છાઓ આપી હતી.

**રંગોના પર્વ હોળી-ધૂળેટીએ રંગોમાં રંગાઈ બાઘડા બનેલા યુવાનો ખાસ હોળી વીથ સેલ્ફી લેતા નજરે પડયા હતા અને વોટસએપ અને ફેસબુક પર પણ પોતાના ડીપી મુકી દીધા હતા.**

આ હોળી પર્વે ગાંધીનગરની આસપાસના પાર્ટી પ્લોટો અને કલબોમાં ડીજે વીથ રેન ડાન્સનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જયારે આ સ્થળો પર ન પહોંચનાર યુવાનો-નગરજનોએ પોતાની સોસાયટીઓ અને ચોકઠાં તેમજ જાહેર બાગ બગીચામાં પહોંચી હોળીની ઉજવણી કરી હતી. શહેરના મધ્યમાં આવેલ સેન્ટ્રલ વિસ્ટામાં મોટી સંખ્યામાં ખૈલેયાઓ આવી પહોંચ્યા હતા. ઢોલ-નગારાના તાલે ડાન્સ અને મસ્તી સાથે મોજ કરતા નજરે પડયા હતા. બપોર બાદ યુવાનો ખાણી પીણીની લારીઓ પર હસી મજાક કરતા નજરે પડયા હતા તો કોઈ ઠેકાણે પાણીના ટેન્કર મંગાવી પાણીથી પણ હોળી-ધૂળેટી પર્વની ઉજવણી કરતા હતા. હોળીના તહેવારે જનહૃદયમાં આનંદના તરંગો લહેરાતા ગાંધીનગરાઓ પર ઉલ્લાસ ઉમંગ છવાઈ ગયો હતો.





## @ગાંધીનગર

● ગાંધી મિત્ર વર્તુળ દ્વારા શનિવારના રોજ પ્લોટ નં. ૬૨૮ વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે માસિક બેઠક યોજાશે. આ બેઠકમાં સર્વે ગાંધીજનોને હાજર રહેવા પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણીએ જણાવ્યું છે.

● મધર ટચ પ્લે ગ્રુપ સ્કુલ દ્વારા બપોરે ૨.૦૦ કલાકે સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે વાર્ષિકોત્સવનો કાર્યક્રમ યોજાશે.

● બ્લોક નં. ૨૦૫/૧, સે-૬-બી ખાતે શનિવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે.

## બી.એ.પી.એસ. મહિલા પાંખ આજે મહિલા દિન ઉજવશે

ગાંધીનગર, તા. ૨૫

પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સંસ્થાના ગાંધીનગર ક્ષેત્રની મહિલા પાંખ દ્વારા મહિલા દિન તા. ૨૬મી માર્ચના રોજ બપોરે દોઢ વાગ્યાથી સાડા ચાર સુધી હરિમંદિર, સે-૨૦, ગાંધીનગર ખાતે યોજાશે. જેમાં જિલ્લા પંચાયતના જિલ્લા પ્રોગ્રામ અધિકારી શ્રીમતી છાયાબેન એન. ઉપાધ્યાય આમંત્રિત મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા હેપીનેસ પ્રોગ્રામનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના ગાંધીનગર એકમ દ્વારા આગામી તા. ૨૯મી માર્ચથી ૩ એપ્રિલ સુધી સવારે ૬ થી ૯ અને સાંજે ૬.૩૦ થી ૯.૩૦ કલાક દરમિયાન બીજો માળ, મેઘ મલ્હાર કોમ્પ્લેક્ષ, સેકટર-૧૧ ખાતે હેપીનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સ્વસ્થ શરીર, માનસિક શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે સુદર્શન ક્રિયા, પ્રાણાયામ, યોગાસન, સરળ ધ્યાન, સારી ખરાબ આદતની ચર્ચાઓ, શ્વાસોશ્વાસની ક્રિયાઓ જવાબદારીને સમજવાની જાગૃતિ, રમતગમત જેવા પાસાઓનો સુમેળ સાધવાનો સમાવેશ કરવામાં આવશે. આ શિબિરનો મુખ્ય હેતુ આજના લોકોમાં મુખ્યત્વે રહેલ તનાવ અને અન્ય નકારાત્મક લાગણીઓ જેવી કે ગુસ્સો, ડર, ઈર્ષા, શરમ, નિરાશા, જીદ્દીપણા વગેરેથી મુકત થઈ દરેક વ્યકિત વિશ્વ સ્તરે આગળ વધી શકે અને તણાવ રહિત વ્યકિતથી હિંસામુકત સમાજ બને તે છે. આ શિબિર થકી આત્મવિશ્વાસ, યાદશકિત-ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક વિકાસ અને વકતૃત્વ શકિત ખીલે છે. આ શિબિરમાં ભાગ લેવા તેમજ કોઈ પણ માહિતી મેળવવા સુરેશભાઈ પરમારના મો. ૯૪૨૬૩ ૦૦૩૦૩ ઉપર સંપર્ક સાધવા જણાવાયું છે.

# આજથી હ્યુમન ફાઉન્ડેશન દ્વારા વિના મુલ્યે પક્ષીઓ માટે કુંડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૫

ઉનાળાની આગ ઝરતી ગરમીમાં મનુષ્ય પાણી વગર રહી શકતો નથી તો અબોલ પક્ષીઓ પાણી વગર કેવી રીતે રહી શકે અને એમની વ્યથા કોને જણાવે?



પક્ષીઓને ઉનાળાના ધગ ધગતા તડકામાં પાણી મળી રહે અને તેમની તરસ છીપાવી શકે તેવા ઉમદા હેતુથી હ્યુમન ફાઉન્ડેશન દ્વારા સતત છઠ્ઠા વર્ષે પાણીના કુંડાનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવશે. આગામી તા. ૨૬મી માર્ચ શનિવારે અને તા. ૨૭મી માર્ચ રવિવારના રોજ પ્લોટ નં. ૫૨૫/૨, નંદનવન સોસાયટી, ઘ-૬ કોર્નર નજીક, સે-૨૨ ખાતેથી વહેલા તે પહેલાના ધોરણે કુંડા વિતરણનો કાર્યક્રમ યોજાશે.

દર વર્ષે ગરમીમાં હજારો પક્ષીઓ પાણી વગર મરી જાય છે. જે અટકાવવા માટે સેવાના આ ઉમદા કાર્યમાં જોડાઈ પક્ષીઓને પાણી પુરું પાડવાના કાર્યમાં સહભાગી બનવા ફાઉન્ડેશન દ્વારા અનુરોધ કરાયો છે.

# ઘ માર્ગ પર સમી સાંજે ચેઈન સ્નેચીંગનો પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં ચેઈન સ્નેચર્સનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે ત્યારે ધુળેટીની સમી સાંજે મુખ્યમાર્ગ ગણાતા ઘ માર્ગ પર ચાલુ બાઈકે ચેઈન સ્નેચીંગનો પ્રયાસ થતા સઘન પોલીસ પેટ્રોલીંગની વાતો પોકળ સાબિત થઈ છે. દોરો ખેંચતા મહિલા બાઈક પરથી રસ્તા પર પડી ગઈ હતી અને ઈજાઓ પહોંચતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જો કે ચેઈન સ્નેચરોના હાથમાં દોરો આવ્યો ન હતો. આ બનાવ અંગે પોલીસ ફરિયાદ નોંધાવા પામી નથી.

**દિકરાને બેસાડીને બાઈક પર દંપતિ જઈ રહ્યું હતું ત્યારે ઘ-૧ પાસે ચેઈન સ્નેચરોએ ચાલુ વાહને હાથ માર્યો : મહિલા બાઈક પરથી પડી જતા ઘાયલ**

અમદાવાદ અમરાઈવાડી વિસ્તારનું દંપત્તિ તેમના સંતાનને સાથે બેસાડીને બાઈક પર ગાંધીનગર આવ્યા હતા અને સમી સાંજે ઘ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમને ચેઈન સ્નેચરોનો સામનો કરવો પડયો હતો. પલ્સર બાઈક પર આવેલા ચેઈન સ્નેચરોએ ચાલુ બાઈકે મહિલા ધનલક્ષ્મીબેન પંકજભાઈ પરમારના ગળામાં હાથ મારીને સોનાનો દોરો ખેંચવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ ધનલક્ષ્મીબેને ચેઈન પકડી લેતા ચેઈન સ્નેચરોએ ઝાટકા સાથે હાથ ખેંચ્યો હતો જેને પગલે ધનલક્ષ્મીબેન બાઈક પરથી નીચે પટકાતા ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલ લઈ જવા પડયા હતા. દોરો ચેઈન સ્નેચરોના હાથમાં આવ્યો ન હતો પરંતુ બુમાબુમ થતા તેઓ બાઈક પર પળવારમાં રફફુચક્કર થઈ ગયા હતા. મળતી માહિતી મુજબ દોરો ગયો ન હોવાથી મહિલો પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું છે.

## વાતવાતમાં

● શહેરમાં હોળીનો તહેવાર ઉજવવાની ધમાલમાં આશરે ૬ થી ૭ ટુ વ્હીલર્સ ચાલકો પટકાયા હતા. વળી, ધુળેટીના દિવસે આકરી ગરમીના કારણે ઘેરૈયાઓ ડીહાઈડ્રેશનની અસરથી બેભાન થવાના કિસ્સા પણ જોવા મળ્યા હતા.

● શહેરના યુવા હૈયાઓએ ધુળેટી રમવા માટે પણ સ્વરણિમ પાર્ક પર પસંદગી ઉતારી હતી. યુવાનોએ રમેલ ધુળેટીના કારણે સ્વર્ણિમ પાર્કની સમગ્ર ફુટપાથ વિવિધ રંગોથી છવાયેલી જોઈ મોર્નિંગ વોકર્સ આનંદિત થઈ ગયા હતા.

● હજુ સાયકલ શેરિંગ પ્રોજેકટને ચાલુ થયે માંડ બે દિવસ થયા છે ત્યાં તો સાયકલ વિતરણ કેન્દ્રો બંધ હોવાની ફરિયાદો ઉઠવા માંડી છે. ગુરુવારે સવારે કેટલાક કેન્દ્રો મોડે સુધી ના ખુલતા મોર્નિંગ વોકર્સને સાયકલીંગની કસરત કરવા મળી નહોતી જેથી અસંતોષ જોવા મળ્યો હતો.

● હોળી ધુળેટીના તહેવારમાં ૧૦૮ ઈમર્જન્સી સેવા સતત દોડતી રહી હતી. સે-૧૭માં ફાયર સ્ટેશન નજીક મારામારીના કિસ્સામાં દોડી ગયેલી ૧૦૮ની ટીમને ઘાયલને લઈ જવા દરમિયાન તોફાનીઓનો ભોગ બનવું પડયું હતું જેમાં પાયલોટ અનિલના ચશ્મા પણ તુટી જવા પામ્યા હતા.

● સાદરા ગામેથી ચિલોડા પોલીસે ધુળેટીનો તહેવાર ઉજવવા લવાયેલ ૩૦ બોટલ વિદેશી દારૂ અને ૭ બિયરના ટીનનો જથ્થો ઝબ્બે કર્યો હતો. તહેવારોની ઉજવણીમાં નશાખોરીનું દૂષણ યુવાનોના ભવિષ્ય માટે ચિંતાજનક હદે વધી રહ્યું છે.

● સુઘડ નજીકના તપોવન સંસ્કાર તીર્થ નજીક નજીવી બાબતે તકરાર થતા લોખંડના રોડ ફટકારી એકની હત્યાનો પ્રયાસ કરાયો હતો. શહેરમાં હવે ગુનાખોરી જે હદે વધી રહી છે તે જોતા પોલીસનો ડર રહ્યો નથી તે જણાઈ આવે છે.

# ધુળેટી પર્વની સમી સાંજે નગરનું ખાણીપીણી બજાર ગ્રાહકોથી ઉભરાયું

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં હોળી-ધુળેટી પર્વને લઈ નગરના ખાણી પીણી બજારની ભારે બોલબાલા રહી હતી. ધુળેટીની સમી સાંજે ઉત્સવની ઉજવણી કરીને જમવા માટે પરિવાર સાથે નગરજનો જતા શહેરની તમામ હોટલ-રેસ્ટોરન્ટની બહાર ગ્રાહકોની લાબી લાઈનો લાગી હતી. પાણીપુરીથી લઈને પીઝા સુધીના તમામ સ્થળો પર ગ્રાહકોની કતારો જોવા મળી હતી. જયારે હોટલોમાં કલાક સુધીનું વેઈટીંગ જોવા મળ્યુ હતું. શહેરના હોટલ માલિકોએ હોળી ધુળેટીના પર્વને લઈ આગોતરુ આયોજન કર્યુ હતું. શહેરના ખાણી પીણી બજારના વેપારીઓને ધુળેટીના પગલે બખ્ખા થઈ ગયા હતા.

ગાંધીનગર શહેરના શહેરીજનો હોળી ધુળેટીની મોજ માણ્યા બાદ સાંજ ઢળતાં જ નગરની હોટલ-રેસ્ટોરન્ટ તેમજ ચોપાટી પર ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી હતી. પાણીપુરી, પીઝા, પંજાબી, ચાઈનીઝ, કાઠીયાવાડી, ગુજરાતી, સહિતના સ્ટોલ, તેમજ હોટલોમાં ગ્રાહકો ઉમટી પડ્યા હતા. નગરના ઘ-૪ થી ઘ-૫ વિસ્તારમાં આવેલ તમામ હોટલો તેમજ ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલ તમામ રેસ્ટોરન્ટ સહિત નગરનું ચોપાટી બજાર ધુળેટીની સમી સાંજે સ્વાદના શોખીન નગરજનો જમવા માટે જતા હોટલો પર વેઈટીંગના લીસ્ટ જોવા મળ્યા હતા. સાજે ૬ થી રાત્રીના ૧૧ કલાક સુધી હોટલવાળાઓ ખડે પગે ગ્રાહકોની સેવામાં હાજર રહ્યા હતા. ધુળેટીના પર્વને લઈ ખાણીપીણી બજાર ગરમ રહેતુ હોવાથી વેપારીઓ અગાઉથી આયોજન કરતા હોય છે. જમવા માટે ગ્રાહકોની ભારે ભીડને પગલે નગરમાં આવેલ હોટલ અને રેસ્ટોરન્ટ માલિકોને બખ્ખા થઈ ગયા હતા. બાળકો ખાસ કરીને વિશેષરુપે પીઝા આરોગતા જયારે મહિલાઓ પકોડી ખાતી નજરે પડી હતી.

# પ્રેમીકાને બ્લેકમેલ કરીને પ્રેમીએ રૂ. ૩.૬૪ લાખ પડાવી લીધા...!

ગાંધીનગર, તા. ૨૫

શહેરના સેકટર-૨૪ ખાતે રહેતી એક પરિણીતાને કલકત્તાના યુવાને પ્રેમજાળમાં ફસાવી દીધા બાદ તે બંને વચ્ચેના પ્રેમ સંબધની જાણ તેણીના પતિને કરી દેવાની ધમકી આપી પ્રેમીકાને બ્લેકમેલ કરવાનું શરૂ કરી દીધું હતું અને દાગીના તથા રોકડ મળી રૂ. ૩.૬૪ લાખ પડાવી લઈ બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ પરિણીતાએ સે-૨૧ પોલીસ મથકે નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. મહિલા પીએસઆઈ બી.જી. યાદવ ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

મુળ છત્તીસગઢ ખાતેના રહેવાસી અને હાલ શહેરના સે-૨૪માં રહેતી પરિણીતાને કોઈ રીતે કલકત્તાના યુવાન સુધાંશુ હિમાંશુ મન્નાએ પ્રેમજાળમાં ફસાવી દીધી હતી. ત્યાર બાદ પતિને પ્રેમ સંબંધની જાણ કરી દેવાની ધમકી આપી બ્લેકમેલ કરવાનું શરૂ કરી પરીણીતાના તથા તેણીની દીકરીના દાગીના તથા રૂ. ૨.૬૪ લાખ રોકડા મળી કુલ રૂ. ૩.૬૪ લાખની છેતરપીંડી કરી હોવાની ફરિયાદ પિડીત પરિણીતાએ સેકટર-૨૧ પોલીસ મથકમાં નોંધાવી છે. આ ફરિયાદને આધારે પીએસઆઈ યાદવે ગુનો દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ આરંભી છે.

# કડી કેમ્પસની વિદ્યાર્થીનીઓને હોટેલ મેનેજમેન્ટની તાલીમ અપાઈ

ગાંધીનગર, તા. ૨૫

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના કન્યા છાત્રાલયમાં શરૂ કરવામાં આવેલ પ્રેરક પ્રવૃત્તિ બાબતે યુનિ.ના પ્રેસીડેન્ટ વલ્લભભાઈ પટેલ દ્વારા માર્ગદર્શન આપી જરુરી સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી. આ સાથે તેમણે જણાવ્યું હતું કે જયારે સમગ્ર રાષ્ટ્રમાં 'બેટી બચાઓ બેટી પઢાઓ'ની ઝુંબેશ ચાલી રહી છે ત્યારે દીકરીને કેળવણી સાથે હુન્નર 'સ્કીલ ડેવલોપમેન્ટ' માટે પ્રેરિત કરવી જરુરી છે આ માટે વોકેશનલ ટ્રેનિંગની જરૂરીયાત પર ભાર મુકવાનું આવશ્યક ગણાવ્યું હતું.

આઈએચએમએના પ્રિન્સીપાસ ડૉ. જે.કે. મંગરાજ તરફથી 'કૌશલ્ય વિકાસ' કાર્યક્રમ યોજવા માટે દરખાસ્ત કરવામાં આવી ત્યારે તેને હકારાત્મક પ્રતિસાદ આપી તત્કાલ અમલીકરણ કરવા માટે જણાવ્યું હતું. સૌ પ્રથમ છાત્રાલયની વિદ્યાર્થીનીઓ આઈએચએમએની મુલાકાત લે તેના માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ હોસ્ટેલમાં જ સમગ્ર તાલીમ આપવાનું આયોજન કરાયું હતું. જેમાં પ્રથમ બેચમાં ૩૨ વિદ્યાર્થીનીઓએ તાલીમ લીધી હતી. જેમાં વિદ્યાર્થીનીઓને કુકિંગ, ફુડ પ્રોસેસની બાબતો માટે ૬૦ દિવસની ફ્રી તાલીમ આપવામાં આવી હતી. તાલીમ બાદ વિદ્યાર્થીનીઓએ જણાવ્યું હતું કે આ તાલીમવર્ગમાં મેળવેલ જ્ઞાન તેઓને જીવનભર ઉપયોગી થશે. રસોઈને સ્વાદિષ્ટ તેમજ હાઈજેનિક કઈ રીતે બનાવી શકાય તેની સંપૂર્ણ માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમ શરૂ થતાની સાથે જ દરેક વિદ્યાર્થીનીઓને એક ડ્રેસ તેમજ ૨૦૦૦ રૂપિયા સ્ટાઈપેડ આઈએચએમએ દ્વારા સરકારી યોજના મારફતે ચૂકવવામાં આવેલ તેમજ તાલીમ દરમિયાન જરૂરી કુકિંગ માટેની સાધન સામગ્રી પણ પૂરી પાડવામાં આવી હતી તથા ભારત સરકાર તરફથી કોર્સ પૂર્ણ થયે સર્ટીફીકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા.



તાલીમ પૂર્ણ થયે વિદ્યાર્થીનીઓની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં હોટેલ હવેલી જેવી ખ્યાતનામ હોટેલમાંથી તજજ્ઞ નિર્ણાયક તરીકે આવ્યા હતા. પ્રથમ બેચની સફળતા જોતા બીજી બેચની શરૂઆત પણ કરી દેવામાં આવી છે જેમાં ૩૦ જેટલી વિદ્યાર્થીનીઓ જોડાઈ છે. જેના ભાગ રૂપે કડી ખાતેની ગર્લ્સ હોસ્ટેલની ૪૭ વિદ્યાર્થીનીઓ તેમજ ૨ સ્ટાર મેમ્બરને આઈએચએમએની મુલાકાત કરાવી હતી તેમજ ભવિષ્યમાં સંસ્થાની સે-૧૨ ખાતે આવેલ નર્સિંગ કેમ્પસની કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓનો પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવશે.

## વાહનચોરો એસ.પી. ઓફીસ સુધી પહોંચી ગયા ! : એસઆરપી જવાનનું બાઈક ચોરી

ગાંધીનગર, તા. ૨૫

શહેરના વિવિધ સેકટરો અને જાહેર માર્ગો પરથી વાહન ચોરી તો થાય જ છે પરંતુ હવે તો વાહનચોરો એટલા બિન્દાસ્ત થઈ ગયા છે કે જિલ્લા પોલીસ વડાની કચેરી સુધી પહોંચી ગયા છે. તાજેતરમાં ડીએસપી ઓફીસ સેકટર-૨૭ ખાતે સ્થિત એસઆરપી કચેરીમાં નોકરી કરતાં અને સેકટર-૨૨ છ ટાઈપમાં રહેતા જવાન ગણપતભાઈ ટમાલીયાનું પલ્સર બાઈક તેમની ઓફીસ બહારથી ચોરાઈ ગયું હોવાનું જાણવા મળ્યું છે. ગણપતભાઈએ સેકટર-૨૧ પોલીસ મથકમાં રૂ. ૨૫ હજારની કિંમતના બાઈકની ચોરી અંગે ફરિયાદ આપી છે.

# હોળી-ધુળેટીના પર્વે ૧૦૮ની સાયરન સતત ગુંજતી રહી

**બે દિવસ દરમિયાન કુલ ૧૩૪ કૉલ મળ્યા : અકસ્માતના ૪૦ કૉલ, પડી જવાના ૯ અને મારામારીના ૬ કૉલ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં હોળી-ધુળટીનું પર્વ ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવાયું હતું. પરંતુ આ પર્વ દરમિયાન શહેરમાં અકસ્માત, મારામારી, પડી જવાના વગેરે કિસ્સાઓની સંખ્યા પણ વધુ રહેતા ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ સેવા સતત દોડતી રહી હતી. હોળી અને ધુળેટી એમ બે દિવસના આ તહેવાર દરમિયાન ૧૦૮ને કુલ ૧૩૪ જેટલા ઈમર્જન્સી કૉલ મળ્યા હતા. જેમાંથી ૪૦ કૉલ તો માત્ર અકસ્માતના હતા જયારે ૨૦ કૉલ પ્રેગનન્સી-ડિલીવરીના અને ૬ કૉલ મારામારીના મળ્યા હતા જયારે ૧૦ વ્યકિતઓ બેભાન થવા પામી હતી.

હોળીનો તહેવાર આમ તો રંગોનો તહેવાર છે જેમાં ઘેરૈયાઓ એકબીજા પર રંગ છાંટી મસ્તીભર્યા વાતાવરણમાં તહેવાર ઉજવે છે. આ તહેવારમાં ઘેરૈયાઓ એટલા તન્મય થઈ જાય છે કે ઘણી વાર પોતાના મિત્રો-સ્નેહીજનો વગેરે સાથે ધુળેટી રમવા દોડાદોડી રમવામાં નાના-મોટા અકસ્માતનો ભોગ પણ બનવા પામે છે. હોળીના દિવસે બુધવારે ૧૦૮ ઈમર્જન્સી સેવાને કુલ ૬૦ કૉલ મળ્યા હતા જેમાં ૧૮ અકસ્માતના કૉલ, ૧૦ પ્રેગનન્સીના, ૨ પડી જવાથી ઈજા થવાના, ૧ મારામારીનો અને ૨ કિસ્સા બેભાન થવાના હતા. ધુળેટીના દિવસે ગુરુવારે ૧૦૮ ઈમર્જન્સી સેવાને કૉલમાં વધારો થયો હતો અને કુલ ૭૪ કૉલ મળ્યા હતાં.

ધુળેટીના દિવસે મળેલ ૭૪ કૉલમાંથી ૨૨ કૉલ અકસ્માતના હતા જયારે ૭ કૉલ પડી જવાથી ઈજા થવાના અને ૫ કૉલ મારમારીના હતા. વળી, ૮ વ્યકિત બેભાન થઈ જવાના અને ૧૦ કૉલ પ્રેગનન્સીના પણ મળવા પામ્યા હતા. આ બે દિવસ દરમિયાન અકસ્માતના કૉલનું પ્રમાણ ઘણું ઉંચુ જણાયું હતું. આમ હોળી-ધુળેટીના તહેવારમાં શહેરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સતત દોડતી રહેતા શહેરમાં સતત તેની સાયરન ગુંજતી રહેવા પામી હતી.




## સિસિકાને પાંચ લાખનું આર્થિક યોગદાન

ગાંધીનગર, તા. ૨૫

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સિનિયર સિટિઝન્સ કાઉન્સિલને સેવાકીય પ્રવૃત્તિઓ માટે રૂપિયા પાંચ લાખનું આર્થિક યોગદાન આપવામાં આવ્યું છે. સિસિકા તેની સેવાઓને વ્યાપક પણે બજાવી શકે તેવા ઉમદા હેતુથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા સામાજીક સેવા બેંકીંગ અંતર્ગત સેવાકીય પ્રવૃત્તિઓ માટે આર્થિક યોગદાન આપવામાં આવ્યું છે.

સિસિકાને તેની આરોગ્ય વિષયક સેવાઓ નિમિત્તે ફરતા દવાખાનાના વાહન અને એમ્બ્લુયલન્સ વાન માટે રૂ. ૫ લાખનું આર્થિક યોગદાન કરાયું હતું. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના આ ઉદારતા ભર્યા સૌજન્ય બદલ સિસિકાના તમામ સભ્યોએ આભારની લાગણી વ્યકત કરી હતી.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર રઈબેન આત્યાજી, ઉ.વ.૮૦
- સ્વ. નંદુબેન જીલુજી રાણા, ઉ.વ.૬૩
- સ્વ. પૂજાબેન દશરથભાઈ પ્રજાપતિ, ઉ.વ.૨૧
- સ્વ. શૈલજા શિવાજીરાવ સિમ્પી, ઉ.વ.૬૮